॥ સનાતન પરમો ધર્મ ॥

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર

જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

સં - ૨૦૭૯ | માગશર સુદ : ૦૩ | રવિવાર | તા.: ૨૭.૧૧.૨૦૨૨ | SDP No. : 948 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

કચ્છમાં અંજાર ખાતે વડાપ્રધાનશ્રીની મુલાકાતને ધ્યાનમાં રાખી 'નો-ફ્લાય ઝોન'નું જાહેરનામું બહાર પાડતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી

આગામી તા.૨૮/૧૧/૨૦૨૨ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અંજાર ખાતે જાહેરસભા કાર્યક્રમમાં પધારનાર છે. વડાપ્રધાનશ્રીની સલામતીની વ્યવસ્થાના ભાગરૂપે કાર્યક્રમ સ્થળ વિસ્તારને 'નો ફ્લાય ઝોન' જાહેર કરીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેશ પંડ્યા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

પોલીસ અધિક્ષકશ્રી પૂર્વ કચ્છની દરખાસ્તના આધારે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ તેમને હોદાના રૂએ મળેલી સત્તાની મુજબ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪નો બીજો)ની કલમ-૧૪૪ હેઠળ કચ્છ રે.સ.નં.૧૦૦૪/પૈકી ૧,૨ અને ૩ આશાબા વે બ્રિજ સામે, અંજાર આદિપુર રોડ, અંજાર ખાતે આવેલા સભાસ્થળ સહિત આસપાસના ૫૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારને તા.૨૮/૧૧/૨૦૨૨ના રોજ દિન-૧ માટે 'નો ફ્લાય ઝોન' જાહેર કર્યો છે. જેથી કોઈપણ પ્રકારના ડ્રોન(યુએવી), ઈલેક્ટ્રોનિક કે અન્ય હવામાં ઊડી શકે તેવા સાધનોને આ વિસ્તારમાં ઉડ્ડયન માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવેલ છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

પાટીદાર મીલન - નખત્રાણા

ઉત્તર પ્રદેશ સરકાર ના કેબીનેટ મંત્રીશ્રી સ્વતંત્રદેવસિંહ (પાટીદાર) પ્રદેશ ભાજપ નાં ઉપપ્રમુખ મહેન્દ્રભાઇ પટેલ (પુર્વ કલેકટર) અને માજી ધારાસભ્ય દેવજીભાઈ પટેલ, સામાંણી (છ.ગ) અને સામાજિક આગેવાનો ની ઉપસ્થિતિ માં પાટીદાર મીલન અને સન્માન સમારોહ નું આયોજન કરવામાં આવેલ છે તો નખત્રાણા, લખપત, અને અબડાસાના તમામ પાટીદાર ભાઈઓને હાજરી આપવા આમંત્રણ છે

સ્થળ : ઉમાભવન હોલ ઉમા વિધાલય નખત્રાણા

સમય : તારીખ 27/11/2022 વાર: રવીવાર 6.00 કલાકે

નોંધ ભોજન સાથે લઇશું

રદ્દી સે સમૃદ્ધિ નો અભિગમ ઉલ્લસનગર

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ઉલ્હાસનગર તા. 25/11/2022 ને શુક્રવારે ના રોજ રદ્દી થી સમુદ્રી કાર્યક્રમ અંતર્ગત 888 કિલો રદ્દી યુવક મંડળ દ્વારા જમા કરાવવા આવી..

ભારતીય જનતા પાર્ટીના અનુ.જાતી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી શંભુપ્રસાદ ટૂડિયાની જાહેરસભા ૨૭ નવેમ્બર નાં રોજ નખત્રાણા ખાતે યોજાશે જેમાં અનેક કાર્યકરો અને જનતા ઉપસ્થિત રહેશે.

લોકતંત્રનો પ્રાણ મતદાન

૧. દુર્ભાગ્યવશ આઝાદી પછી બૌદ્ધિકો, સામાજિક ક્ષેત્રો, ધર્મક્ષેત્ર અને લોકસાહિત્ય દ્વારા લોકોને મતદાનનું મૂલ્ય સમજાવવામાં ના આવ્યું. આથી આઝાદીના 75 વર્ષે ભારતમાં સરાસરી 50% મતદાન થાય છે. એમાં પણ સ્વાર્થ માટે રાજકીય પક્ષો મતો ખરીદે છે. શાસનની વધુમાં વધુ ભૂલો કાઢનારી અને તમામ સરકારી સુવિધાની અપેક્ષા રાખનારી શહેરી પ્રજા મત આપવા જતી નથી. લાલચુ પ્રજા દારૂ કે ચપટી પૈસામાં મત વેચે છે. લોકો રાજ્ય અને રાષ્ટ્રનો વિકાસ , શાંતિ અને સુરક્ષાને ભૂલીને જ્ઞાતિ- જાતિના આધારે મત આપે છે. આવા મતદાન માંથી કેવું લોકતંત્ર, કેવા શાસકો અને કેવી સરકાર રચાય ? એ બૌદ્ધિક લોકો વિચારે.

૨. બધા લોકોએ રાજકારણમાં સામેલ થવું જરૂરી નથી . પરંતુ તમામ સ્ત્રી- પુરુષો, સમાજ સેવકો અને સાધુઓ સૌએ લોકતંત્ર માટે મતદાન કરવું અને કરાવવું એ લોકશાહી ધર્મ અને રાષ્ટ્રધર્મ છે. મત ન આપનારા, મત વેચનારા, જ્ઞાતિ -જાતિથી મત આપનારા અને સારા ઉમેદવાર કે યોગ્ય પક્ષને હરાવવા માટે મતદાન કરનારા અજ્ઞાની અને દેશદ્રોહી છે. મત ન આપનારાઓને શાસકોની એક પણ ભૂલ કાઢવાનો કે સરકારી તંત્રમાં કોઈપણ ફરિયાદ કરવાનો કે હક માંગવાનો અધિકાર જ નથી.

૩. તમામ લોકો જાગે 75% થી વધુ મતદાન કરીને ગુજરાત સમગ્ર દેશને લોકશાહી ધર્મ અને રાષ્ટ્રધર્મની પ્રેરણા આપે. સાધુ -સંતો, સમાજસેવકો, બૌદ્ધિકો, લેખકો અને લોકસાહિત્યકારોને લોકોને મતદાન કરવા માટે વિડિયો અને લેખથી અપીલ કરવા સૌને વિનંતી છે. એ અગ્રણીઓ, સાધુઓ અને વિદ્વાનોની ફરજ છે. એ રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રનિષ્ઠા અને રાષ્ટ્રધર્મ છે. જે દેશના લોકો અને તમામ ક્ષેત્રનું નેતૃત્વ લોકતંત્ર , રાષ્ટ્ર અને સંસ્કૃતિ માટે જાગૃત - કાર્યરત અને વફાદાર રહે છે તેનું જ લોકતંત્ર, રાષ્ટ્ર અને સંસ્કૃતિ સુરક્ષિત સુવ્યવસ્થિત રહે છે -

મિશન રાજકીય,
યુવાસંઘ.
મયુર રંગાણી

કોલ્હાપુર માં લગ્ન પ્રસંગે રદ્દી સે સમૃદ્ધિ નો બને વેવાઈ નો સંકલ્પ, (DMG Region)

ઉત્સાહ અનેરો એમાં સામાજિક સનાતની શતાબ્દી મહોત્સવ નાં ઉજવણી નો ઉતસાહ નો ભાવ પ્રગટ કરવાનો અવસર બનાવ્યો..

દિકરી ના લગ્ન પ્રસંગે યુવક મંડળ વતી દીકરી ને કન્યાદાન સ્વરૂપે YSK ની ભેટ સાથે બન્ને પરિવારો તરફથી તરફથી શ્રી સમાજ ને સમૃદ્ધિ કાજે રદ્દી અર્પણ

ચિ.સૌ.કાં. જીનલ ભીમાણી ના શુભ લગ્ન ચિ. ગૌરવ નાંકરાણી સાથે

શનિવાર તા:૨૬/૧૧/૨૦૨૨ ના શુભ દિવસે લગ્નગ્રંથિ માં જોડાયેલ છે. જેમાં શ્રી કોલ્હાપુર પાટીદાર સનાતન યુવક મંડળ વતી કન્યાદાન સ્વરૂપે YSK ભેટ આપવામાં આવે છે.

તેમાં ઉપસ્થિતિ શ્રી કોલ્હાપુર પાટીદાર સમાજ ના ઉપપ્રમુખશ્રી દેવશીભાઈ માકાણી શ્રી કોલ્હાપુર પાટીદાર સનાતન યુવક મંડળના પ્રમુખશ્રી અને દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા રીજીયન ટ્રેઝરર શંકરભાઈ લિંબાણી, સેક્રેટરી શંકરભાઈ ભાદાણી, મિશન ચેરમેન ધીરજ લીંબાણી, Politics ના Convinor સુરેશભાઈ લિંબાણી તેમજ શ્રી કોલ્હાપુર પાટીદાર સનાતન યુવક મંડળ ના કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

વિશેષ માં

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના સનાતની શતાબ્દી મહોત્સવ નિમિત્તે આ બંને પરિવાર તરફથી એટલે કચ્છ કાદીયા (મોટા) અમૃતભાઈ રતનશીભાઈ ભિમાણી પરિવાર, હાલે મલકાપુર તરફથી 251kg રદ્દી અને કચ્છ માં ગામ રામપર નાં વસંતભાઇ અરજણભાઈ નાકરાણી પરિવાર, હાલે કોડોલી તરફથી 251kg રદ્દી શ્રી સમાજ ને અર્પણ કરવામાં આવેલ છે.

આ અનોખા પ્રયાસ ને સનાતની શતાબ્દી મહોત્સવ આયોજન સમિતિ અભિનદન પાઠવે છે. આવું કાર્ય કરવાની પ્રેરણા આપનાર સહુ ને કર્મઠ પદધર્મ નિભાવ્યા નું જરૂર ગૌરવ થસે..

દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા ઝોન જેમાં કોલ્હાપુર પાટીદાર સનાતન સમાજ ની દીકરી ને YSK નું રક્ષા કવચ અર્પણ કરી ભેટ આપતા યુવાસંઘ તેમજ સમાજના આગેવાનો આપવામાં આવ્યું. જેથી સમાજ માં પ્રથમ પહેલ કરી દીકરી પરિવાર તેમજ દીકરા પરિવાર તરફથી 501 કિલો રદ્દી સમાજને દાન કરવાની જાહેરાત કરેલ. વર્તમાન સમય નાં સામાજિક અભિગમ ને ઉત્સાહ નાં પ્રસંગે પણ ઉજાગર કરવાનો પ્રયાસ એજ તો જય સનાતન

મહિલા સંઘ દ્વારા વિવિધ વિસ્તાર નાં મહિલા શકિતઓ નાં સંગઠન ની રચના

સમાજ ના ઝોન અને યુવાસંઘ નાં રીજીયન ની જેમ ૨૫ વર્ષ ની રજત જયંતિ નિમિતે મહિલા સંઘ નાં જશોદાબેન નાંકરાણી પ્રમુખ દ્વારા સ્ત્રી શકિતને સંગઠન ને પણ મજબૂત માળખું અને વૈવિધ્ય સાથે ઊર્જાવાન નેતૃત્વ પણ કેન્દ્રીય મહિલા સંઘ ને પ્રાપ્ત થાય તેવા પ્રયાસ કરવા જરૂરી છે. આથી ભારત ભર માં કેટલાક ઝોન સમાજ દ્વારા મહિલા શક્તિ નાં સંગઠન નિર્માણ કરવાનું કાર્ય સોંપવામાં આવેલ.આ મહિલા સંગઠન નાં શકિતપીઠ પણ કહી શકાય.

મહિલા શકિતઓ નાં વિભાગીય સંગઠન માં ઉત્તર કર્ણાટક શક્તિ પીઠની રચના#

ઉત્તર કર્ણાટક ઝોન મહીલા સંઘ શકિત પીઠ

પ્રમુખ

પાર્વતીબેન ઝવેરભાઈ દિવાણી બેલગામ 8147322130

ઉપપ્રમુખ.

જશોદાબેન હરીભાઇ દિવાણી હુબલી 9742552445

મંત્રી.

શકુંતલાબેન જેન્તીભાઇ દિવાણી હુબલી 8762299341

સહમંત્રી.

લતાબેન કાન્તિભાઈ પોકાર બેલગામ 9900969866

ખજાનચી.

મંજુલાબેન કાન્તિ લાલા દિવાણી ગદગ 9482322733

સહખજાનચી

પ્રવિણાબેન જેઠાભાઈ રંગાણી ધારવાડ 8050398700

કારોબારી સભ્યો

૧) પારૂબેન દિનેશ ચોધરી હોસપેટ 9879185661

૨) ભાવનાબેન નરેન્દ્ર પોકાર બેલગામ 9738840212

૩) શાન્તાબેન શિવજી દિવાણી ધારવાડ 9036442132

૪) સરસ્વતીબેન સોમજી દિવાણી હુબલી 9035047719

સહુ મહિલા સંગઠન નાં હોદેદાર અને કારોબારી સભ્ય નું સ્વાગત અને અભિવાદન કરીએ છે..

મહિલા સંઘ,
મહામંત્રી,
રમીલાબેન રવાણી

ઉત્તર કર્ણાટક મહિલા સંગઠન પ્રમુખ - પાર્વતીબેન ઝવેરભાઈ દિવાણી, બેલગામ



ઉત્તર કર્ણાટક મહિલા સંગઠન મંત્રી, શકુંતલાબેન જેન્તીભાઇ દિવાણી, હુબલી 8762299341

વોટ્સએપનો ઉપયોગ હવે બે ફોનમાં

વોટ્સએપનો આપણે અત્યાર સુધી એક જ સ્માર્ટફોનમાં ઉપયોગ કરી શકીએ છીએ. સત્તાવાર રીતે. 'અમુક રીતે' લોકો વોટ્સએપનો બે ફોનમાં ઉપયોગ કરવા લાગ્યા હતા, પણ તેમાં એકાઉન્ટ બ્લોક થવાનું જોખમ હતું. અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મમાં એકાઉન્ટ રજિસ્ટ્રેશનની અલગ પદ્ધતિ હોવાથી આપણે ઇચ્છીએ તેટલા ડિવાઇસમાં તેની એપ ઇન્સ્ટોલ કરીને કે તેના વેબવર્ઝનમાં લોગ-ઇન કરી શકીએ છીએ, પરંતુ વોટ્સએપમાં મોબાઈલ નંબરનો જ એકાઉન્ટ તરીકે ઉપયોગ થતો હોવાથી તેનો ઉપયોગ અત્યાર સુધી એક સ્માર્ટફોન પર મર્યાદિત રહ્યો છે.

વોટ્સએપના વેબવર્ઝનની મદદથી જુદા જુદા ચાર ડિવાઇસમાં તેનો ઉપયોગ થઈ શકે પરંતુ સ્માર્ટફોનમાં એપ સ્વરૂપે ફક્ત એક જ ફોનમાં તેનો ઉપયોગ થઈ શકે. જોકે હવે આ સ્થિતિ બદલાશે.

ટૂંક સમયમાં આપણે પોતાના વોટ્સએપ એકાઉન્ટને બીજા ડિવાઇસ કે એન્ડ્રોઇડ ટેબલેટમાં લિંક કરી શકીશું.

મહત્ત્વની વાત એ છે કે અત્યારે વોટ્સએપના બીટા વર્ઝનમાં જોવા મળી રહ્યું છે એ મુજબ આપણે પોતાના પ્રાયમરી વોટ્સએપ એકાઉન્ટને વધુમાં વધુ ચાર એન્ડ્રોઇડ ફોનમાં લિંક કરી શકીશું. એન્ડ્રોઇડ ઉપરાંત આઇફોન અને એપલ ડિવાઈસીસ માટે આ ફીચરનો ક્યારેય લાભ મળશે તે વિશે સ્પષ્ટતા નથી.

વૈદિક ઘડિયાળનામના અર્થ સાથે

ॐ 1:00 વાગ્યાના સ્થાન પર ब्रह्म લખેલું છે જેનો અર્થ થાય છે;બ્રહ્મ એક જ છે બે નથી.

ॐ 2:00 વાગ્યાના સ્થાને अश्विनौ લખેલું છે તેનો અર્થ થાય કે;અશ્વિની કુમારો બે છે

ॐ 3:00 વાગ્યાના સ્થાને त्रिगुणाः લખેલું છે તેનો અર્થ થાય ત્રણ પ્રકારના ગુણો: સત્વ રજસ્ અને તમસ્

ॐ 4:00 વાગ્યાના સ્થાને चतुर्वेदाः લખેલું છે તેનો અર્થ થાય વેદો ચાર છે;ऋग्वेद યજુર્વેદ સામવેદ અને અથર્વવેદ

ॐ 5:00 વાગ્યાના સ્થાને पंचप्राणा લખેલું છે જેનો અર્થ થાય પાંચ પ્રકારના પ્રાણ છે;પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન

ॐ 6:00 વાગ્યાના સ્થાને લખેલું છે षड्रसाः એનો અર્થ થાય કે રસ છ પ્રકારના છે;મધુર, ખાટો, ખારો, કડવો, તીખો, તૂરો

ॐ 7:00 વાગ્યાના સ્થાને લખેલું છે सप्तर्षियः તેનો અર્થ થાય સાત ઋષિ છે;કશ્યપ, અત્રી, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને વસિષ્ઠ

ॐ 8:00 વાગ્યાના સ્થાને લખેલું છે अष्टसिद्धि જેનો અર્થ થાય આઠ પ્રકારની સિદ્ધિ છે;અણીમા, મહિમા, દધીમા, ગરીમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ

ॐ 9:00 વાગ્યાના સ્થાને લખેલું છે नव द्रव्याणी જેનો અર્થ થાય નવ પ્રકારની નિધિઓ હોય છે;પદ્મા, મહાપદ્મ, નીલ, શંખ, મુકુંદ, નંદ, મકર, કશ્યપ અને ખર્વ

ॐ 10:00 વાગ્યના સ્થાને લખેલું છે दशदिशः, જેનો અર્થ થાય દશ દિશાઓ;પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, આકાશ અને પાતાળ

ॐ 11:00 ના સ્થાને લખેલું છે रुद्राः જેનો અર્થ થાય રુદ્રા અગિયાર છે;કપાલી, પિંગલ, ભીમ, વિરુપાક્ષ, વલોહિત, શાસ્તા, અજપાદ, અહિર્બુધ્ન્ય, ચંડ, ભવ

ॐ 12:00 વાગ્યાના સ્થાને લખેલું છે आदित्याः જેનો અર્થ થાય છે આદિત્યો બાર છે ;અંસુમાન, અર્યમાન, ઈંદ્ર, ત્વષ્ટા, ધાતુ, પર્જન્ય, પૂષા, ભગ,મિત્ર, વરુણ, વિવસ્વાન, વિષ્ણુ

ભુલાય નહી ભારતની મહાન સંસ્કૃતિ

અવસાન નોધ

સ્વ. કાન્તિલાલ મેઘજીભાઈ દિવાની
તા. 26/11/2022
કચ્છ ગામ - વિરાણી મોટી હાલ
જબલપુર મ.પ્ર.
ફર્મ - કે. એમ. પટેલ એન્ડ કમ્પની.

સ્વ.શ્રી જમના બેન જયંતીલાલ સેંઘાણી
ઉંમર 82 વર્ષ | તા. 25/11/2022
કચ્છ માં ગામ : ગઢશીશા
હાલે ગામ : ઘાટકોપર
અવસાન નું કારણ : ઉંમરને કારણે

સ્વ. રમીલાબેન જીવરાજ દિવાણી
ઉંમર 75 વર્ષ | તા. 25/11/2022
કચ્છમાં : દેશલપર (ગુંતલી)
હાલે : વિજયવાડા (આંધ્ર પ્રદેશ)

H.K. DOORS

HK DOORS
First IMPRESSION of your HOUSE

BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME

TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205